# પંદરમી ગુજરાત વિધાનસભા
# કામકાજ સલાહકાર સમિતિ
# ચોથો અહેવાલ

ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૧૯૨ અન્વયે મળેલ સત્તાની રૂએ, હું કામકાજ સલાહકાર સમિતિનો ચોથો અહેવાલ રજૂ કરું છું.

સમિતિની બેઠક બુધવાર, તા.૩૧મી જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ બપોરના ૧૨-૩૦ વાગ્યે માનનીય અધ્યક્ષશ્રીના સમિતિખંડમાં મળી હતી. સમિતિએ આ બેઠકમાં નીચે મુજબની ભલામણો કરી છે.

**૧.** ગુરુવાર, તા.૦૧/૦૨/૨૦૨૪ના રોજ સન ૨૦૨૪ના વિધેયક ક્રમાંક-૧-સન ૨૦૨૪ના ગુજરાત ગણોત વહીવટ અને ખેતીની જમીન કાયદા (સુધારા) વિધેયકની ચર્ચા હાથ ધરવી.

**૨.** તા. ૩, ૧૦ અને ૧૭ ફેબ્રુઆરી, ૨૦૨૪ને શનિવારના રોજ સભાગૃહની રાખેલ બેઠક રદ કરવામાં આવે. શનિવાર, તા.૦૩/૦૨/૨૦૨૪ના રોજનું સરકારી કામકાજ રદ કરવું અને સદરહુ દિવસની પ્રશ્નોતરી મંગળવાર, તા.૦૬/૦૨/૨૦૨૪ની પ્રથમ બેઠકમાં હાથ ધરવી.

**૩.** સભાઓની તારીખવાર યાદી (કામચલાઉ) મુજબ તા.૧૩ અને ૨૦ ફેબ્રુઆરી, ૨૦૨૪ને મંગળવારના રોજ સભાગૃહની બે બેઠકો રાખવી તેમજ મંગળવાર, તા.૧૩/૦૨/૨૦૨૪ની પ્રથમ બેઠકમાં શનિવાર, તા.૧૦/૦૨/૨૦૨૪નું અને મંગળવાર, તા.૨૦/૦૨/૨૦૨૪ની પ્રથમ બેઠકમાં શનિવાર, તા.૧૭/૦૨/૨૦૨૪નું પ્રશ્નોત્તરી સહિતનું કામકાજ હાથ ધરવું.

**૪.** સોમવાર, તા.૦૫/૦૨/૨૦૨૪ના રોજ રાજ્યપાલશ્રીના સંબોધન પરની ચર્ચા પહેલાં અયોધ્યા ખાતે રામમંદિર નિર્માણ અને રામલલ્લાની પ્રાણ પ્રતિષ્ઠા સંપન્ન કરવા બદલ આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીને અભિનંદન આપતો માનનીય મુખ્યમંત્રીશ્રીનો નિયમ-૧૨૦ હેઠળનો સરકારી સંકલ્પ વિચારણા માટે હાથ ધરવો અને તેને ૯૦ મિનિટનો સમય ફાળવવો તથા તે દિવસે ગૃહની બેઠકનો સમય ૯૦ મિનિટ લંબાવવો.

**૫.** બુધવાર, તા.૦૭/૦૨/૨૦૨૪ના રોજ શાળાકીય શિક્ષણના ધોરણ ૬ થી ૧૨ના અભ્યાસક્રમમાં ‘‘ગીતાસાર’’ નો સમાવેશ કરવા રાજ્ય સરકારને જરૂરી તમામ પગલાં ભરવા અનુરોધ કરતો નિયમ-૧૨૦ હેઠળનો માનનીય રાજ્યકક્ષાના મંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરીયાનો સરકારી સંકલ્પ વિચારણા માટે હાથ ધરવો અને તેને ૯૦ મિનિટનો સમય ફાળવવો તથા તે દિવસે ગૃહની બેઠકનો સમય ૯૦ મિનિટ લંબાવવો.

**૬.** શુક્રવાર, તા.૧૬/૦૨/૨૦૨૪ના રોજ સભાગૃહની બેઠકનો સમય સવારના ૧૦-૦૦ને બદલે સવારના ૮-૩૦ વાગ્યાનો રાખવો.

**ગુજરાત વિધાનસભા સચિવાલય,**
**ગાંધીનગર.**
**તારીખઃ ૩૧મી જાન્યુઆરી, ૨૦૨૪**

**શંકરભાઈ ચૌધરી**
**પ્રમુખ,**
**કામકાજ સલાહકાર સમિતિ.**